• **<u>ધો. ૧૨ સાયન્સ (ગ્રુપ-A)</u> : તા. ૨૦/૯/૨૫ / વિદ્યાર્થીઓની સંખ્યાં : ૩૭ / શિક્ષકનું નામ : જયોતિબેન મજિઠિયા, વંદનાબેન ભાભોર / સ્થળ: સેવાશ્રમ હોસ્પીટલ, રેડ ક્રોસ બ્લડ બેન્ક તથા શ્રોફ નર્સિંગ કોલેજ, ભરૂચ.**

ધો. ૧૨ વિ.પ્ર. ના A ગ્રુપના વિદ્યાર્થીઓએ સેવાશ્રમ હોસ્પિટલ,ભરૂચની મુલાકાત લીધી. વિદ્યાર્થીઓએ અહી ડાયાલિસીસ સેન્ટરમાં ડાયાલિસીસની પ્રક્રિયા વિશે તથા મિરાજ સિટી સ્કેન ખાતે CT સ્કેન, અને MRI મશીન અને તેની કામગીરી જોઇ તથા સેવાશ્રમ હોસ્પિટલના જુદા-જુદા વિભાગો ની મુલાકાત લઇ તે વિશેની જાણકારી મેળવી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ત્યાં આવેલી નર્સિંગ કોલેજ તથા તેની લેબની પણ મુલાકાત લઇ તે વિશેની માહીતી મેળવી.






• **<u>ધો. ૧૨ સાયન્સ (ગ્રુપ-B)</u> : તા. ૨૦/૯/૨૫ / વિદ્યાર્થીઓની સંખ્યાં : ૨૯ શિક્ષકનું નામ : કુસુમબેન માવર, કવિતાબેન ટંડેલ / સ્થળ : કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ.**

ધો. ૧૨ વિ.પ્ર.ના B ગ્રુપના વિદ્યાર્થીઓએ "સપના કરો સાકાર "અંતર્ગત મકતમપુર ખાતે આવેલ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લીધી જેમાં વિદ્યાર્થીઓએ એગ્રીકલ્ચર તેમજ વર્મિકમ્પોસ્ટ કેવી રીતે બનાવી શકાય તે વિશેની માહિતી મેળવી.








## પિતાજી, બાપુજી, બાપુ, બાપા, આતા, જીજી, પપ્પા, ડેડી, ડેડ, ડેડા અને ફાધર...

"પિતા" – જે પ્રત્યેક સંતાનના જીવનમાં સંસ્કાર અને ચરિત્રનિર્માણનું પાથેય અર્પવામાં પોતાની જાત ઘસી નાંખતા હોય છે, પણ આપણે સૌ આપણી પ્રેમાળ અને વાત્સલ્યમૂર્તિ માતાનાં સ્નેહ સરવાણીમાં પિતા દ્વારા દેવામાં આવેલ ભવ્ય ભોગને ભૂલી જઇએ છીએ...,

"પિતા" – જે સામાન્ય રીતે થોડા કઠોર, અનુશાસન પ્રિય અને ગંભીર જણાતાં હોય છે, પણ તેમની ભિતરમાં અપાર કરૂણા, સહિષ્ણુતા અને સતત સંતાનોના સુવર્ણ ભાવિ માટેની અનહદ ચિંતાનું અનંત ઝરણું વહેતું રહેતું હોય છે...,

"પિતા" – જે સંતાનોની કેળવણી, ભણતર, ગણતર અને જીવનઘડતર માટે પોતાની કેટલીય સુખ સુવિધાઓનું મૂક બલિદાન આપતા રહે છે છતાય તઓ તે કદી તેને સંતાનો સમક્ષ જતાવતાં નથી...,

"પિતા" – જેઓ પોતાના સંતાનોને પગભર થવા પેટે પાટા બાંધીને પણ સ્વનિર્ભર થવાના પાઠ ભણાવે છે અને પોતાના આ સમર્પણ માટે સંતાનો પાસે હૈયાનો હેત, હૂંફ અને સ્નેહ સિવાય કશુય અપેક્ષા રાખતા નથી...,

"પિતા" – જે પોતાના સંતાનો પોતાના નામે નહિ પણ પોતે સંતાનોના નામે ઓળખાવવામાં અનહદ સુખ અનુભવે છે.